GJSR100001942025

અરજી સ્વીકાર્યા તા. ૦૭/૦૪/૨૦૨૫
અરજી નોંધ્યા તા.૦૭/૦૪/૨૦૨૫
અરજી ફેંસલ તા.૧૭/૦૩/૨૦૨૬
સમય ગાળો વર્ષ ૦૦ માસ ૧૧ દિવસ ૧૧

**<u>મહેરબાન જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટકલાસ સાહેબશ્રીની કોર્ટમાં,</u>**

**<u>મુ.ઉમરપાડા, જિ.સુરત.</u>**

**<u>પરચુ. ફોજદારી અરજી નં. ૨૧ / ૨૦૨૫</u>**

**આંક–**

અરજદાર (૧) સુનીતાબેન ઉમેશભાઈ વસાવા તે રમેશભાઈની પત્ની
ઉ.વ. ૩૨ વર્ષ, ધંધો– ગૃહિણી,

(૨) સગીર સુહાસના રમેશભાઈ વસાવા
ઉ.વ. ૮ વર્ષ, ધંધો–અભ્યાસ,

(૩) સગીર હર્શિકાબેન રમેશભાઈ વસાવા
ઉ.વ. ૩ વર્ષ,

તમામ રહે. કોલવાણ ફળિયું, ડોંગરીપાડા, તા.ઉમરપાડા, જિ.સુરત.

**વિરૂધ્ધ**

સામાવાળા (૧) રમેશભાઈ સુરપસિંગ વસાવા
ઉ.વ. ૪૨ વર્ષ, ધંધો–નોકરી, મો.નં.૯૦૨૩૧૬૦૩૩૫
રહે. વડ ફળિયું, જામની, ગંગાપુર, તા.ડેડીયાપાડા, જિ.નર્મદા.

**<u>બાબત : ધી પ્રોટેકશન ઓફ વિમેન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ–૨૦૦૫ ની</u>**

**<u>કલમ ૧૭, ૧૮, ૧૯, ૨૦ અને ૨૨ મુજબ.</u>**

અરજદાર પક્ષે :– વિ.વ.શ્રી ડી.એફ.વસાવા.

સામાવાળા પક્ષે :– વિ.વ.શ્રી એસ.એન.વસાવા.

**-:: ઠ રા વ ::-**

**(૦૧) અરજીની ટૂંક હકિકત એવી છે :-**

અરજદારે સામાવાળા વિરુધ્ધ ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ મુજબની સદર કાયદામાં મળતી રાહતો મેળવવા હાલની અરજી કરેલ છે. અરજદાર હાલ સગીર દિકરીઓ સાથે પિયરમાં રહેતા આવેલ છે. અરજદારના લગ્ન સમાજના રીતીરીવાજ મુજબ ડોંગરીપાડા મુકામે તા.૨૧ /૦૬/૨૦૧૪ ના રોજ સામાવાળા સાથે થયેલ. અરજદાર લગ્નમાં મળેલ સ્ત્રીધન તથા કરિયાવરનો સામાન લઈને સામાવાળાની પાસે રહેવા ગયેલ. લગ્નજીવન થકી બે દિકરીઓનો નામે સુહાસના અને હર્શીકાનો જન્મ થયેલ. સામાવાળા તથા સાસુ-સસરાએ અરજદારને એક મહીનો સારી રીતે રાખેલ અને ત્યારપછી હેરાન કરવાનુ શરૂ કરેલ. સામાવાળા દારૂ પીને ઝઘડો કરી ગાળાગાળી કરી મારઝુડ કરવા લાગેલા તથા વાત વાતમાં મ્હેણા ટોણા મારતા અને પિયરપક્ષ વાળાએ દહેજ આપેલ નથી પણ કહેતા હતાં. સામાવાળાના લગ્નજીવન થકી અરજદારને બે દીકરીઓ થયેલ પરંતુ સામાવાળાઓને વારસદારમાં દિકરો જોયતો હતો. ત્યારબાદ સામાવાળાએ અરજદારને બીજા પુરુષ સાથે સંબંધ છે તેમ કહી માર મારેલ અને સગીર દિકરીઓને તથા અરજદારને મારી નાખશે તેવી ધમકી આપી માનસિક તથા શારીરિક ત્રાસ આપેલ હતો. તા.૨૩/૦૩/૨૦૨૪ ના રોજ સામાવાળાએ અરજદારને જણાવેલ કે, ''હવે તને મારા ઘરમાં રાખવાની નથી ચાલ તને તારા ઘરે મુકવા આવુ છુ.'' જે બાદ સામાવાળા અરજદાર તથા સગીર દિકરીઓ સાથે અરજદારના પિયરમાં મૂકીને ચાલ્યા ગયા. જે બાદ તેડવા આવેલ નથી. છેલ્લા એક વર્ષથી સામાવાળાએ અરજદારોનો ખર્ચ ઉઠાવેલ નથી કે કોઈપણ જાતનુ ભરણપોષણ કરેલ નથી. અરજદાર કોઈ હુન્નર ઉદ્યોગ જાણતા નથી, જેથી અરજદાર પોતાનુ તથા દિકરીઓનુ ભરણપોષણ કરવા સક્ષમ નથી. સામાવાળા જી.આઈ.એસ. કંપની ભરૂચમાં નોકરી કરી માસિક રૂ.૩૦,૦૦૦/- આવક મેળવે છે, સામાવાળાના પિતાના નામે ૧ એકર જમીન છે, જેમાં ખેતી કરી વાર્ષિક ૪ લાખ આવક મેળવે છે. સામાવાળાને અરજદારો સિવાય અન્ય કોના ભરણપોષણની જવાબદારી નથી . આમ, અમો અરજદાર તથા સગીર દીકરીઓનું સામાવાળા ભરણપોષણ કરવાની જવાબદારી છે તેમ જણાવી નીચે મુબજની દાદો માંગેલ છે.

**દાદ :**

**(૧.૧)** સબબ અરજ કરેલ છે કે, સામાવાળા અરજદાર તથા અરજદાર નં.(૨) તથા (૩)

નાઓને અરજદારના પિયરમાં આવીને મારપીટ કરે નહી તેમજ ધાક ધમકી આપે નહી તેથી રક્ષણનો હુકમ કરવા, માસિક ઘર ભાડું રૂ.૫,૦૦૦/- તથા સામાવાળાના કૃત્યથી અરજદારોને શારીરિક તથા માનસિકના નુકશાનીના વળતર પેટે રૂ.૧,૦૦,૦૦૦/- ચૂકવવા તથા ભરણપોષણ પેટે અરજદારને માસિક રૂ.૨૫,૦૦૦/- અને અરજદાર નં.(૨)ને માસિક રૂ.૧૫,૦૦૦/- તથા અરજદાર નં.(૩) ને માસિક રૂ.૧૦,૦૦૦/- ચૂકવવા તથા અરજીમાં માંગેલ અન્ય દાદ અન્વયે હુકમ મેળવવા દાદ માંગેલ છે.

## <u>સામાવાળાનો બચાવ :</u>-

**(૦૨)** હાલના કામે અરજદારની અરજીની કરવામાં આવેલ નોટીસ આ કામના સામાવાળાને ધોરણસર બજી જતાં તેઓ તેમના વિ.વકીલશ્રી મારફતે હાજર થયેલ. ત્યારબાદ સામાવાળાએ અરજદારની અરજીનો લેખિત જવાબ આંક-૧૨ થી રજૂ કરેલ છે. તેમાં મુખ્યત્વે અરજદારની અરજીની હકીકત ખોટી હોવાનું જણાવી, વધુમા જણાવેલ છે કે, અરજદાર સાથે લગ્ન વર્ષો અગાઉ થયેલા. અરજદારે આદિવાસી સમાજના રીતી રીવાજ પ્રમાણે કન્યાપક્ષના ગામના રીવાજ મુજબ લગ્ન પહેલા રૂ.૧૬,૫૦૧/- તથા નવ તોલા ચાંદીની સાંકળ આપેલ છે. અરજદારને સામાવાળા સાથે લગ્નજીવન દરમિયાન બોલવાના સંબંધ ન હતા. અરજદાર ઝઘડો કરી તેમના પિતાના ઘરે ચાલી ગયેલ છે. સમાધાનની વાતચિત કરવા છતા અરજદાર પાછા ફરતા નથી. પક્ષકારો વચ્ચે નાના મોટા ઝઘડા સંબંધે ડેડીયાપાડા પોલીસ સ્ટેશનમાં અરજી આપેલ હતી. જેમાં પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ છે. અરજદારે સામાવાળાને હેરાન પરેશાન કરવા હાલની અરજી આપેલ છે. સામાવાળા કાયમી નોકરી કરતા નથી અને હંગામી ધોરણે રોજમદાર તરીકે કરે છે. સામાવાળાના નામે કોઈ જમીન નથી. આમ, અરજદાર સામાવાળા પાસેથી કોઈ દાદ મેળવવા હકકદાર ઠરતા નથી. જેથી અરજદારની ડોમેસ્ટીક વાયોલેન્સની અરજી નામંજૂર કરવા રજૂઆત કરેલ છે.

**(૦૩)** હાલના કામે દહેજ પ્રતિબંધક અધિકારી, સુરત (પ્રોટેકશન ઓફીસર) ધ્વારા તા.૨૭/૦૫/૨૦૨૫ ના રોજ ઘરેલુ હિંસા અન્વયેનો રીપોર્ટ રજૂ કરેલ છે જે આ કામે આંક-૯ એ થી રજુ છે જે ધ્યાને લેતાં સામાવાળા ધ્વારા અરજદારને શારીરિક અને માનસિક ત્રાસ આપેલ હોવાનું જણાવી કલમ ૧૮ અન્વયે રક્ષણનો હુકમ, કલમ ૧૯ અન્વયે રહેઠાણનો

હુકમ, કલમ ૨૦ અન્વયે ભરણપોષણનો હુકમ તેમજ કલમ ૨૨ હેઠળ વળતરનો હુકમ આપવા રજૂઆત કરેલ છે.

**<u>અરજદારનો પુરાવો:–</u>**

**(૦૪)** અરજદાર ધ્વારા તેઓના અરજીના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે.

**<u>મૌખિક પુરાવા :</u>**

| અનુ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | ૧૪ | અરજદાર સુનીતાબેન ઉમેશભાઈ વસાવા તે રમેશભાઈની પત્ની નાઓનું લેખીત સ્વરૂપનું સરતપાસનું સોગંદનામું. |

**<u>દસ્તાવેજી પુરાવા :</u>**

| અનુ. નં. | આંક / નિશાની | વિગત |
|---|---|---|
| ૦૧ | ૦૫ | અરજદારની મિલકત અને જવાબદારીઓ અંગેનું સોગંદનામું |
| ૦૨ | નિ.૩/૧ | અરજદાર નં.(૧)ના આધારકાર્ડની નકલ |
| ૦૩ | નિ.૩/૨ | અરજદાર નં.(૨)ના આધારકાર્ડની નકલ |
| ૦૪ | નિ.૩/૩ | અરજદાર નં.(૩)ના આધારકાર્ડની નકલ |
| ૦૫ | નિ.૩/૪ | અરજદાર નં.(૨)નું જન્મ પ્રમાણપત્ર |
| ૦૬ | નિ.૩/૫ | અરજદાર નં.(૩)નું જન્મ પ્રમાણપત્ર |

**<u>(૦૫) અરજદાર તરફે પુરાવો:– (આંક–૧૪)</u>**

ત્યારબાદ, અરજદાર ધ્વારા આંક–૧૪ થી સોગંદ ઉપર સરતપાસ રજૂ કરેલ છે. અરજદાર તેમની સોગંદ પરની સરતપાસમાં અરજીમાં જણાવેલ હકીકતોનું પુનરાવર્તન કરેલ હોઈ અગાઉ ઉલ્લેખ કરેલ હોઈ અત્રે પુનરાવર્તનનો દોષ ટાળવાના એકમાત્ર શુભઆશયથી ચર્ચા કરેલ નથી. સામાવાળાના વિ.વકીલશ્રી ધ્વારા અરજદારની કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતાં

તેમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે અમારા સમાજમાં લગ્ન કર્યા પહેલા તે નક્કી કરવા બંને પક્ષના માણસો ભેગા થાય છે. એ વાત ખરી છે કે કન્યા પક્ષના માણસો જે નક્કી કરીને જણાવે છે કે કેટલો કરીયાવર આપવાનો છે. એ વાત ખરી છે કે વર પક્ષનાઓએ અમોને દહેજ તરીકે ૧૬,૫૦૦/- આપેલા છે. એ વાત ખરી નથી કે સાસરીયામાં અમે સયુકત કુંટુબમાં રહેતા હતા. એ વાત ખરી છે કે આ કામના સામાવાળા જ્યા કામ ધંધો કરે છે ત્યાં હું રહેવા ગઇ નથી. એ વાત ખરી નથી કે સામાવાળા જ્યારે કામે ત્યારે અમોએ ટીફીન બનાવી આપેલ નથી. એ વાત ખરી છે કે આ કામના સામાવાળા જ્યા કામ કરે છે ત્યાં કામ અર્થે દસ-પંદર દિવસ ત્યાં જ રહેવાનું થાય છે. એ વાત ખરી નથી કે મારી દિકરી માંદી હતી ત્યારે મહેન્દ્રભાઇના ખાતામાં સામાવાળાએ પૈસા ટ્રાન્સફર કરી આપેલા. એ વાત ખરી નથી કે આ કામના સામાવાળાએ અમોને કોઇ દિવસ માર મારેલ નથી. **સાહેદ જણાવે છે કે સામાવાળા દારૂ પીઇને મને માર મારતા હતા.** એ વાત ખરી નથી કે અમોએ સામાવાળા સામે આજ દિન સુધી પોલીસમાં કોઇ ફરીયાદ કરેલ નથી. એ વાત ખરી છે કે અમારા ગામના સરપંચ અને ગામના માણસો ડેડિયાપાડા પોલીસ સ્ટેશને સમાધાન માટે આવેલા. એ વાત ખરી છે કે તે વખતે મારા સાસુએ મારી પર ફરીયાદ કરેલી. એ વાત ખરી નથી કે અમો અમારા પિતાશ્રીના ઘરે આવ્યા એ પહેલા સામાવાળાનાઓ તેમના ઘરે અમોને સારી રીતે રાખતા હતા. **સાહેદ જણાવે છે કે જ્યારે સામાવાળા દારૂ ન પીતા ત્યારે સારી રીતે રાખતા અને જ્યારે દારૂ પીઇ જાય ત્યારે ઝઘડો કરતા હતા.** એ વાત ખરી છે કે આ કામના સામાવાળાએ સમાધાનની વાતચીત કરવા માટે અમારા ગામના માણસોને ઘણી વાર કહેવડાવેલું છે. એ વાત ખરી છે કે અમો સમાધાન માટે સામાવાળા પાસે કોઇ વાર વાતચીત કરવા ગયેલ નથી. એ વાત ખરી છે કે આ અરજી મે ફકત ભરણ પોષણ માટે કરેલી છે. એ વાત ખરી નથી કે આ કામના સામાવાળાને ફસાવવા માટે ખોટું સોંગદનામુ કરેલું છે.

અરજદાર તર્ફે ઉપરોકત પુરાવો રજુ થયા બાદ આંક-૧૬ થી કલોઝીંગ પુરશીસથી તેઓએ તેમનો પુરાવો પુર્ણ થયાનું જાહેર કરેલ છે.

**સામાવાળાનો પુરાવો:-**

(૦૬) સામાવાળા ધ્વારા તેઓના અરજી જવાબના સમર્થનમાં નીચે મુજબના મૌખિક પુરાવા રજૂ કરેલ છે.

**મૌખિક પુરાવા :**

| અનુ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | ૧૭ | સામાવાળા રમેશભાઈ સુરપસિંગ વસાવા |

| | | |
|---|---|---|
| | | નાઓનું લેખીત સ્વરૂપનું સરતપાસનું સોગંદનામું. |

**<u>દસ્તાવેજી પુરાવા :</u>**

| અનુ. નં. | આંક / નિશાની | વિગત |
|---|---|---|
| ૦૧ | ૧૮ | સામાવાળાની મિલકત અને જવાબદારીઓ અંગેનું સોગંદનામું |
| ૦૨ | નિ.૧૯/૧ | સામાવાળાનું બેંક સ્ટેટમેન્ટ |

સામાવાળા તર્ફે ઉપરોકત પુરાવો રજુ થયા બાદ આંક-૨૩ થી કલોઝીંગ પુરશીસથી તેઓએ તેમનો પુરાવો પુર્ણ થયાનું જાહેર કરેલ છે.

**<u>(૦૭) સામાવાળા તરફે પુરાવો:- (આંક-૧૭)</u>**

ત્યારબાદ, સામાવાળા દ્વારા આંક-૧૭ થી સોગંદ ઉપર સરતપાસ રજૂ કરેલ છે. સામાવાળાએ તેમની સોગંદ પરની સરતપાસમાં અરજી જવાબમાં જણાવેલ હકીકતોનું પુનરાવર્તન કરેલ છે. અરજદારના વિ.વકીલશ્રી દ્વારા સામાવાળાની કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતાં તેમાં જણાવેલ છે કે, હું બી.એ. સુધી ભણેલો છું. એ વાત ખરી છે કે મારા લગ્ન આ કામના અરજદાર નંબર-૧ સાથે તા. ૨૧/૦૬/૨૦૧૪ના રોજ સમાજના રીતીરિવાજ મુજબ થયેલાં. એ વાત ખરી છે કે લગ્ન બાદ અરજદાર નંબર-૧નાઓ અમારી સાથે અમારા ઘરે રહેવા માટે આવેલાં. આ લગ્ન થકી બે પુત્રીનો જન્મ થયેલો, જેમાં નામે સુહાસના ઉ.આ.વ. ૮ અને હર્ષિતા ઉ.આ.વ. ૩ વર્ષની છે. એ વાત ખરી નથી કે લગ્ન થયાના એક મહીના બાદ અમોએ અરજદાર નંબર-૧નાઓને શારીરિક અને માનસિક ત્રાસ આપવાનું શરુ કરી દીધેલું. એ વાત ખરી નથી કે મારે સંતાનમાં બે દીકરીઓ હોય અને પુત્રની ઈચ્છા હોય આ કામના અરજદાર નંબર-૧નાઓને હેરાન-પરેશાન કરતો આવેલ છું. એ વાત ખરી છે કે મારા પીતાજીએ બીજા લગ્ન કરેલાં છે તે મારા માસી થાય છે. એ વાત ખરી નથી કે મારા પીતાજીના બીજા પત્ની એટલે કે મારા માસી આ કામના અરજદાર નંબર-૧નાઓ સાથે વારંવાર ઝઘડો કરતાં અને માર મારતા આવેલાં છે. એ વાત ખરી નથી કે આ કામના અરજદારે ડેડીયાપાડા પોલીસમાં ફરીયાદ આપવા ગયેલા ત્યારે મેં તેઓને ધમકી આપેલી કે તું ફરીયાદ કરીશ તો ઘરમાંથી કાઢી મુકીશ, જેથી તેઓ ફરીયાદ કર્યા વગર પરત આવી ગયેલા, એ વાત ખરી નથી કે હું આ કામના અરજદાર સાથે શંકા વહેમ રાખી આજદીન સુધી ઝઘડો કરતો આવેલ છું. એ વાત ખરી નથી કે તા. ૨૩/૦૩/૨૦૨૪નાં દિવસે મેં દારૂ પીધેલ હોય, અરજદારને તેમના ઘરે મુકી

ગયેલ. એ વાત ખરી નથી કે મોજે જામની ગામે મારા પીતાજીના નામે જમીન આવેલી છે.

સવાલ : જામની ગામે ખાતા નંબર ૨૧૭, સર્વે નંબર ૯૮વાળી જમીન તમારા પીતાશ્રીના સુરપસિંગ જાલુભાઈ વસાવાના નામે આવેલી છે ?

જવાબ : પાટીદારની જમીન હોય મને ખબર નથી.

**એ વાત ખરી છે કે આ જમીન ઉપર અમો ખેતી કરી પાક લેતા આવેલાં છીએ. એ વાત ખરી છે કે મે મારા મીલ્કત અંગેના સોગંદનામામાં મારા પીતાશ્રીની જમીનનો ઉલ્લેખ કરેલ નથી.** એ વાત ખરી નથી કે આ જમીનમાં કપાસને પાક થતો નથી. સાહેદ જણાવે ચે કે ડાંગર અને મકાઈ થાય છે. એ વાત ખરી નથી કે આની વાર્ષિક આવક પાંચ લાખ રૂપીચા થાય છે. **સાહેદ જણાવે છે કે વાર્ષિક આવક પચાસથી સાઈઠ હજાર થાય છે.** એ વાત ખરી છે કે હું જી.આઈ.એસ.એક કંપનીમાં દહેજ મકામે ગાર્ડ તરીકે નોકરી કરું છું. એ વાત ખરી નથી કે ઓવર ટાઈમ કરવાથી પગાર વધારે મળે. **મારો માસિક પગાર રૂા. ૧૬૫૦૦/– છે. એ વાત ખરી છે કે આ અરજી દાખલ કર્યા બાદથી અરજદાર નંબર ૨ અને ૩નું ભરણ–પોષણ તેમજ લાલન–પાલન અરજદાર નંબર–૧ કરે છે.**

સવાલ : અરજદર નંબર–૧નાઓ તમારી સાથે આવવા તૈયાર છે, તમો લઈ જવા તૈયાર છો ?

જવાબ : ના, હું તૈયાર નથી.

એ વાત ખરી નથી કે હું અરજદારનાઓને માનસિક, શારીરિક, હેરાન કરી તેમના પીચરમાં મૂકી આવેલ છું.

સવાલ : તમો તમારા પીતાશ્રીના નામની જમીનનો ઉતારો રજૂ કરવા તૈયાર છો ?

જવાબ : નીકળતો હશે તો હું રજૂ કરીશ.

**દલીલ :–**

(૦૮) સદર કામ દલીલોના તબકકે મુકરર થતાં, અરજદાર તરફે વિ.વ.શ્રીએ આંક–૨૪ થી લેખિત દલીલ રજૂ રાખેલ છે અને સામાવાળા તરફે વિ.વકીલશ્રી દ્વારા મૌખિક દલીલો કરેલ છે. જે ધ્યાને લીધી.

(૦૯) અરજદારની અરજી, રજૂ થયેલ પુરાવાઓ તેમજ અરજીના સંજોગો લક્ષમાં લેતા અરજદારની અરજીના ન્યાય–નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલા છે :–

**–(:મુ દ્દા ઓ:)–**

(૧) શું અરજદાર સાબિત કરે છે કે, આ કામમાં ઘરેલુ હિંસાખોરીથી સ્ત્રીઓને રક્ષણ આપતા કાયદા–૨૦૦૫ની કલમ–૧૩ હેઠળ સામાવાળાને નોટીસની બજવણી કરેલ

છે ?

(૨) શું અરજદાર સાબિત કરે છે કે, સદર કાયદાની કલમ–૧૮ મુજબ અરજદાર રક્ષણનો હુકમ મેળવવા હક્કદાર છે ?

(૩) શું અરજદાર સાબિત કરે છે કે, સદર કાયદાની કલમ–૧૯ અન્વયે, અરજદાર રહેઠાણનો હુકમ મેળવવા હક્કદાર છે ?

(૪) શું અરજદાર સાબિત કરે છે કે, સદર કાયદાની કલમ–૨૦ અન્વયે, સામાવાળા પાસેથી અરજદાર નાણાકીય સહાય પેટે માસિક રકમ મેળવવા હક્કદાર છે ?

(૫) શું અરજદાર સાબિત કરે છે કે, સદર કાયદાની કલમ–૨૨ અન્વયે, તેઓ સામાવાળા પાસેથી શારીરિક અને માનસિક ત્રાસ બદલના વળતર પેટે નાણાકીય વળતર મેળવવા હક્કદાર છે ?

(૬) શું હુકમ ?

**(૧૦)** ઉપરોકત મુદ્દાઓના મારા ન્યાયિક–નિર્ણયો અને તારણો નીચે મુજબ છે :–

(૧) હકારમાં.

(૨) હકારમાં.

(૩) અંશત: હકારમાં.

(૪) અંશત: હકારમાં.

(૫) અંશત: હકારમાં.

(૬) આખરી હુકમ મુજબ.

**<u>–(:કા ર ણો:)–</u>**

**(૧૧)** **<u>મુદ્દાનંબર–૧ થી ૬ અંગે :–</u>**

આ કામે મુદ્દા નંબર–૧ થી ૬ એકબીજા સાથે અવિભાજ્ય રીતે સંકળાયેલ હોય અરજીની હકીકતો/પુરાવાનું પુનરાવર્તન ટાળવાના આશયથી દરેક મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે. ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંતો મુજબ ઘરેલુ હિંસાખોરીથી સ્ત્રીઓને રક્ષણ આપતો

કાયદો, ૨૦૦૫ નો ઉદ્દેશ જોઈએ તો, સદર કાયદાની જોગવાઈઓ નીચે મુજબ છે:

This Act Primarily meant to provide protection to the wife or female live-in partner from violence at the hands of the husband or male live-in partner or his relatives, the law also extends its protection to women who are sisters, widows or mothers. Domestic violence under the act includes actual abuse or the threat of abuse whether physical, sexual, verbal, emotional or economic. Harassment by way of unlawful dowry demands to the woman or her relatives would also be covered under this definition.

The Salient features of the Protection from Domestic Violence Act, 2005 are as follows:-

The Act seeks to cover those women who are or have been in a relationship with the abuser where both parties have lived together in a shared household and are related by consanguinity, marriage or a relationship in the nature of marriage, or adoption; in addition relationship with family members living together as a joint family are also included. Even those women who are sisters, widows, mothers, single women, or living with the abuser are entitled to get legal protection under the proposed Act.

Domestic violence" includes actual abuse or the threat of abuse that is physical, sexual, verbal, emotional and economic. Harassment by way of unlawful dowry demands to the woman or her relatives would also be covered under this definition.

One of the most important features of the Act is the woman's right to secure housing. The Act provides for the woman's right to reside in the matrimonial or shared household, whether or not she has any title or rights in the household. This right is secured by a residence order, which is passed by a court. These residence orders cannot be passed against anyone who is a woman.

The other relief envisaged under the Act is that of the power of the court to pass protection orders that prevent the abuser from aiding or committing an act of domestic violence or any other specified act, entering a workplace or any other place frequented by the abused, attempting to communicate with the abused,isolating any assets used by both the parties and causing violence to the abused, her relatives and others who provide her assistance from the domestic violence.

આમ, કૌટુંબિક હિંસાની લાક્ષણિકતા એ છે કે તે સર્વત્ર પ્રર્વતતી હોવા છતાં આપણા સમાજમાં તે જાહેરમાં જવ્વલે જ જોવા મળતી હોય છે.

(૧૨) હાલના કામે અરજદાર દ્ધારા ઘરેલુ હિંસાખોરી ધારા–૨૦૦૫ ની કલમ–૧૨ અન્વયે હાલની અરજી આપી સામાવાળા તેમના પતિ હોય તેઓ વિરૂદ્ધ ડોમેસ્ટીક વાયોલેન્સ એકટની વિવિધ કલમો અન્વયે દાદ મેળવવા હાલની અરજી દાખલ કરેલ છે. સદરહું કાયદાની કલમ–૨(એફ) વંચાણે લેવામાં આવે તો, કૌટુંબિક સંબંધોની વ્યાખ્યા આપવામાં આવેલી છે, તે મુજબ બે વ્યકિતઓ વચ્ચેનો સંબંધ કે જેઓ ભાગીયા ઘરમાં રહેતા હોય અથવા કોઈ એક સમયે રહી હોય કે જ્યારે તેઓ સપિંડ લગ્ન અથવા લગ્ન સ્વરૂપના સંબંધ, દત્તક દ્ધારા અથવા સંયુકત કુટુંબ તરીકે કુટુંબના સભ્ય તરીકે સાથે રહેતી હોય તેમજ સદર કાયદાની કલમ–૦૩ અન્વયે કૌટુંબિક હિંસાખોરીની વ્યાખ્યા આપવામાં આવેલ છે, તે મુજબ અરજદાર સાથે તેની જિંદગી જોખમાય તે રીતે તેમજ શારીરિક કે માનસિક ત્રાસ આપવામાં આવે કે દહેજ કે કિંમતી જામીનગીરી આપી દેવા ધમકી આપવામાં આવે, તે સંજોગોમાં આ કલમની જોગવાઈ મુજબ ભોગ બનનાર સાથે કૌટુંબિક હિંસા આચરેલ હોવાનું માનવામાં આવે છે.

(૧૩) વધુમાં, હાલના કામે પ્રોટેકશન ઓફિસરશ્રી, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી– સુરત દ્ધારા ઘરેલુ હિંસાખોરીની કલમ–૧૨(૧) અન્વયેનો આંક–૯ એ થી રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે, જે વંચાણે લેતાં અરજદાર દ્ધારા પ્રોટેકશન ઓફિસર રૂબરૂ અરજદાર દ્વારા હાલની અરજીમાં જણાવ્યા મુજબની હકીકત જણાવેલ હોય તેઓને યોગ્ય દાદ અપાવવા અરજ કરેલ છે.

(૧૪) હાલના કામે અરજદારની અરજી, સોગંદ પરની જુબાની તથા સામાવાળા તરફે રજુ થયેલ જવાબ તથા સામાવાળા તરફે રજુ થયેલ પુરાવો વંચાણે લેવામાં આવે તો, એ હકીકત નિર્વિવાદ છે કે, અરજદાર અને સામાવાળા વચ્ચે પતિ–પત્ની તરીકેનો સંબંધ છે. વધુમાં સામાવાળા દ્વારા તેઓના સોગંદ પરની સરતપાસમાં અરજદાર સાથે લગ્ન થયેલ હોવાની હકીકત કબૂલ રાખેલ છે. હાલના કામે અરજદાર દ્ધારા હાલની અરજી દાખલ કર્યા બાદ, કોર્ટ દ્ધારા સામાવાળાને પ્રોટેકશન ઓફિસર મારફતે નોટીસની બજવણી કરવા હુકમ કરવામાં આવેલ છે, જે નોટીસની ધોરણસર બજવણી સામાવાળાને થઈ ગયેલ છે અને સામાવાળા દ્વારા આંક–૧૨ થી

પોતાનો જવાબ રજૂ રાખેલ છે. તે સંજોગોમાં સામાવાળાને સદરહું કાયદાની કલમ–૧૩ અન્વયે નોટીસની ધોરણસર બજવણી થઈ ગયેલ હોવાનું પુરવાર થતુ હોય, **<u>મુદ્દા નંબર (૧)</u>** નો જવાબ **<u>હકારમાં</u>** આપવામાં આવે છે.

**(૧૫)** હાલના કામે અરજદાર દ્વારા તેઓની આંક–૧૪ થી સોગંદ પર જુબાની આપી મેજીસ્ટ્રેટ સમક્ષ કરેલ અરજી મુજબની હકીકત જણાવી અરજીમાં માંગ્યા મુજબની દાદ મંજૂર કરવા રજૂઆત કરેલ છે. સામાવાળા ધ્વારા પણ અરજદારની અરજીની હકીકતોને નકારી કાઢી પોતાનો જવાબ રજૂ કરેલ છે. હાલના કામે સામાવાળા તથા અરજદારના લગ્ન થયેલાની હકીકત જણાઈ આવેલ છે. અરજદારની અરજી તથા સોગંદ પરની સરતપાસમાં જણાવ્યા મુજબ સામાવાળા નાએ અરજદારને મ્હેણા ટોણા મારી, દારૂ પીને સામાવાળાએ અરજદારની સાથે મારપીટ કરેલ હોવાની હકીકત જણાવેલ છે તથા દહેજની માંગણી કરેલ છે અને દિકરો ન હોવા બાબતે પણ મ્હેણા ટોણા મારેલ છે તથા વાંકગુનો વિના પિયરમાં મૂકી આવ્યા બાદ સાથે સમાધાન થકી સાથે રાખવા તૈયાર નથી. જે સંબંધે સામાવાળા ધ્વારા તેઓના જવાબમાં ચુપ્પી સાધેલ છે અને કોઈ હકીકત જણાવેલ નથી. અરજદારની સામાવાળા ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સામાવાળા દારૂ પીને માર મારતા હોવાની હકીકત સ્વીકારેલ છે તથા સામાવાળા સમાધાન માટે ગામના માણસોને ઘણીવાર કહેવડાવેલુ અને અરજદાર તરફે સમાધાન માટે કોઈ વાતચિત કરવા ગયેલ નહી. આ અરજી ફકત ભરણપોષણ માટે કરેલી છે. વધુમાં અરજદારે સામાવાળા સામે ડેડીયાપાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરેલ હોવાની હકીકત જણાવેલ છે. તે સમયે અરજદારના સાસુએ અરજદાર પર ફરિયાદ કરેલ હોવાનુ સ્વીકારેલ છે. અરજદાર એક ગૃહિણી મહિલા છે, જેઓ કોઈ હુન્નર ઉદ્યોગ જાણતા નથી અને તેઓએ તેમની ઉલટતપાસમાં આ અરજી ફકત ભરણપોષણ માટે કરેલ હોવાનું જણાવેલ છે તે તેઓને સામાજીક પરીસ્થીતી અને ભૌગોલીક પરીસ્થીતીના લીધે કાયદાની સમજ ન હોવાના કારણે જવાબ આપેલ છે તેમ માનવાને કારણ રહે છે. વધુમાં, પક્ષકારો વચ્ચે અગાઉથી જ અણબનાવ હોવાના કારણે પોલીસ ફરિયાદ થયેલ હોવાનું રેકર્ડ પર આવે છે. વધુમાં કોઈ સ્ત્રી વિના કારણે પોતાના પતિનું ઘર ત્યાગ કરે નહી, કારણ કે, અરજદારને આવકનુ કોઈ સાધન નથી તથા બે સગીર દિકરીઓનું ભરણપોષણ કરવા અરજદાર સક્ષમ નથી અને સામાવાળાએ આપેલ ત્રાસના કારણે અરજદારને ઘર છોડવુ પડયુ હોય / સામાવાળાએ કાઢી

મુકેલ હોય તેમ માનવાને કારણ રહે છે. વધુમાં સામાવાળા તરફે સદર અરજદારને શારીરિક કે માનસિક ત્રાસ ન આપેલ હોય તે બાબતે કોઈ પુરાવો રજૂ રાખેલ નથી. આમ, અરજદાર ધ્વારા તેઓની અરજીમાં જણાવેલ હકીકતે સામાવાળાઓ વિરુધ્ધ લગ્ન જીવન દરમ્યાન માનસિક અને શારીરિક ત્રાસ આપતા હોવાના કારણસર અરજદાર સામાવાળાથી અલગ રહેતા હોય તેમ માનવાને કારણ રહે છે અને તેથી સામાવાળાઓ ધ્વારા લગ્ન જીવન દરમ્યાન આપવામાં આવેલ ત્રાસની હકીકતના કારણે અરજદારને સામાવાળાથી અલગ રહેવા વ્યાજબી કારણ ઉપસ્થિત થયેલ છે.

(૧૬) અરજદાર તરફે રજુ થયેલ અરજી, સામાવાળાનો જવાબ તથા રજૂ થયેલ પુરાવો વંચાણે લેવામાં આવે તો, હાલના કેસમાં અરજદાર દ્વારા ઘરેલુ હિંસાખોરી ધારા–૨૦૦૫ની વિવિધ કલમો અન્વયેના હુકમો મેળવવા હાલની અરજી દાખલ કરવામાં આવેલ છે તેમજ કૌટુંબિક હિંસા તરીકે અરજદાર દ્વારા સામાવાળા સાથેના લગ્નજીવન દરમિયાન જે–જે બનાવો બનેલ છે, તેની વિગતો રજૂ કરેલ છે, જે પૈકી અરજદાર સામાવાળાના ઘરે યાને કે તેમની સાસરીમાં રહેવા ગયા બાદ સામાવાળાએ અરજદારને થોડો સમય સારી રીતે રાખ્યા બાદ, અરજદાર ધ્વારા સામાવાળા અરજદારને રાખવા માંગતા ન હોય, સામાવાળા ધ્વારા અરજદારને શારીરિક અને માનસિક ત્રાસ આપેલ હોવાનું તેમજ અરજદારને સામાવાળા ઝઘડો કરતા હોવાનું તથા સામાવાળાને દિકરો જોયતો હોય અને દારૂ પીને મારઝુડ કરતો હોય અરજદારને ત્રાસ આપી હેરાન કરતા હોવાની હકીકત અરજદાર ધ્વારા જણાવવામાં આવેલ છે અત્રે ઉલ્લેખનીય છે કે, અરજદાર દ્વારા તેઓના સોગંદ પરના પુરાવામાં અરજીની હકીકતોને સમર્થન કરતી હકીકતો સોગંદ ઉપર જાહેર કરવામાં આવેલ છે તેમજ અરજદારના જણાવ્યા મુજબ તેઓ હાલમાં પિયરમાં રહેતા હોવાની હકીકત સ્પષ્ટ થાય છે. સદર અરજદાર ધ્વારા અરજી તેમજ સોગંદ પરની જુબાનીમાં સામાવાળા વિરુધ્ધ માનસિક અને શારીરિક ત્રાસ અંગે જે આક્ષેપો કરેલ છે તેનું ખંડન કરવા સામાવાળા તર્ફે કોઈ પુરાવો રજૂ થયેલ નથી. આમ, અરજદાર ધ્વારા અરજી તેમજ સોગંદ પરની જુબાનીમાં જે હકીકત જણાવેલ છે તે સંબંધી શંકા ઉપસ્થિત થાય તેવી કોઈ હકીકત સામાવાળા તરફે રેકર્ડ પર આવેલ નથી. વધુમાં અરજદાર ધ્વારા તેઓની અરજી તથા પ્રોટેકશન ઓફીસર સમક્ષના રીપોર્ટમાં સામાવાળાઓએ લગ્ન જીવન દરમ્યાન અરજદારને સામાવાળા ધ્વારા માનસિક અને શારીરિક ત્રાસ આપેલ હોવાની હકીકત

જણાવેલ છે. આમ, પ્રોટેકશન ઓફીસર ધ્વારા સામાવાળા ધ્વારા અરજદારને ત્રાસ આપેલ હોવાની હકીકતને સમર્થન કરેલ છે. વધુમાં અરજદાર ધ્વારા હાલની અરજીમાં જણાવેલ હકીકતને પ્રોટેકશન ઓફીસર સમક્ષ મુજબની જ વિગતો જણાવેલ છે. આમ, સામાવાાળા ધ્વારા અરજદારની સોગંદ પર રજૂ કરેલ પુરાવો કે મૂળ અરજીથી વિરૂધ્ધની શંકા ઉપસ્થિત થાય તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી. આમ, ધી પ્રોટેકશન ઓફ વુમન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ–૨૦૦૫ ની કલમ–૩ અન્વયે સામાવાળાએ અરજદાર પર ડોમેસ્ટીક વાયોલન્સ કરેલાનુ સાબિત થાય છે.

(૧૭) હાલના કામે અરજદાર દ્વારા ડોમેસ્ટીક વાયોલેન્સ એકટની કલમ–૧૮ અન્વયે પ્રોટેકશન આપવા/રક્ષણનો હુકમ મેળવવા દાદ માંગેલ છે. સદર કલમના આવશ્યક તત્વો અન્વયે અરજદારની સોગંદ પરની સરતપાસ તથા સામાવાળાનો જવાબ વંચાણે લેવામાં આવે તો પક્ષકારો વચ્ચે પતિ–પત્ની તરીકેના સંબંધો હોવા બાબતે કોઈ તકરાર લેવામાં આવેલ નથી તેમજ અરજદાર દ્વારા તેમની સાસરીમાં તેમના લગ્નજીવન દરમિયાન, માનસિક અને શારીરિક ત્રાસ આપતા હોવાની હકીકત જણાવવામાં આવેલ છે. વધુમાં, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ અરજદાર દ્વારા તેઓની અરજી તથા સોગંદ પરની સરતપાસમાં જે હકીકતો જણાવવામાં આવેલ છે, તે હકીકતો સંબંધે સામાવાળા દ્વારા તેઓના જવાબમાં માત્ર ડિનાઈલ સ્વરૂપના કથનો કરવામાં આવેલ છે. સામાવાળા તરફે અરજદારની અરજીની હકીકતોનો સંપૂર્ણ રીતે નિરર્થક ઠરાવતા હોય તો, તે અરજદારની અરજીની હકીકતો સંબંધે શંકા ઉપસ્થિત થાય તેવી કોઈ હકીકત સામાવાળાના લેખિત જવાબમાં કે સોગંદ પર રજુ કરવામાં આવેલ પુરાવામાં જણાઈ આવેલ નથી તેમજ અરજદારો તેમના પિયરમાં રહેતા આવેલા છે. આમ, જયારે અરજદાર તથા સામાવાળાઓ વચ્ચે પતિ–પત્ની તરીકેના સંબંધો હોય અને લગ્નજીવન દરમીયાન અરજદારને શારીરિક અને માનસીક ત્રાસ આપવામાં આપેલ હોવાની હકીકત રેકર્ડ પર આવેલ છે. જે ધ્યાને લેતા સામાવાળાનું કૃત્ય ઘરેલુ હિંસા ધારાની કલમ–૩ અન્વયે કૌટુંબિક હિંસાખોરીની વ્યાખ્યામાં આવી જાય તેમ છે અને સામાવાળાઓના તેવા વર્તનના કારણે અરજદારને પિયર મુકામે રહેવા આવી જવુ પડેલ છે. જેથી, પ્રથમ દર્શનીય રીતે વ્યથિત વ્યકિત તરીકે અરજદાર સાથે કૌટુંબિક હિંસાખોરી થયેલ હોવાનું જણાઈ આવતુ હોય અરજદારો સામાવાળા સામે રક્ષણનો હુકમ મેળવવા હક્કદાર હોય, **મુદ્દા નંબર (૨)** નો જવાબ

**<u>હુકારમાં</u>** આપવામાં આવે છે.

(૧૮) હાલના કામે અરજદાર દ્વારા કલમ–૧૯ અન્વયે સામાવાળા વિરૂદ્ધ રહેઠાણનો હુકમ મેળવવા દાદ માંગવામાં આવેલ છે. હાલના તબક્કે કલમ–૧૯ વંચાણે લેવામાં આવે તો, તેમાં જણાવેલ છે કે, કલમ–૧૨ ની પેટા કલમ–૧ હેઠળની અરજીનો નિકાલ કરતી વખતે મેજિસ્ટ્રેટને સંતોષ થાય કે કૌટુંબિક હિંસા બની છે તો તે રહેઠાણનો હુકમ કરશે. સદરહું હકીકતને નજર સમક્ષ રાખી હાલના કેસમાં અરજદાર સાથે સામાવાળા તરફે રજુ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, પક્ષકારો વચ્ચે પતિ–પત્ની તથા પિતા–પુત્રી તરીકેના સંબંધો હોવા બાબતે, કોઈ વિવાદ લેવામાં આવેલ નથી તેમજ અરજદાર દ્વારા તેઓની અરજી તથા સોગંદ પરની સરતપાસમાં તેમના લગ્નજીવન દરમિયાન સામાવાળા દ્વારા જે કાંઈ ત્રાસ આપવામાં આવતો હતો, તે ત્રાસ અંગેની સંપૂર્ણ વિગતો જણાવવામાં આવેલ છે, જે અંગેની કોઈ વિરૂદ્ધની હકીકતો સામાવાળાએ તેમના બચાવ સ્વરૂપે રેકર્ડ પર લાવેલ નથી. ઉપરોકત કરેલ ચર્ચા મુજબ અરજદાર સામાવાળા સાથે રહેતા મુખ્યત્વે સામાવાળા સાથે તકરારો થયેલ છે. અરજદાર તથા સામાવાળા પતિ–પત્ની તરીકેના સંબંધો હોવાની હકીકત જણાઈ આવેલ છે અને તે સંજોગોમાં, સામાવાળા પતિ તરીકે રહેઠાણ અંગેની વ્યવસ્થા કરવા બંધાયેલા છે. ઉપરોકત કરેલ ચર્ચા મુજબ અરજદારને સામાવાળા ધ્વારા તેઓના લગ્ન જીવન દરમિયાન સાસરીપક્ષ ધ્વારા આપવામાં આવેલ ત્રાસના કારણે અરજદાર તેમના પિયરમાં રહેતા હોવાની હકીકત રેકર્ડ પર આવેલ છે તે સંજોગોમાં જો અરજદાર અને સામાવાળા નાઓને એક જ છત નીચે રહેવા આદેશ કરવામાં આવે તો બીન જરૂરી તકરારો થાય તેમ છે તે સંજોગોમાં અરજદારને સામાવાળા સાથે એક છત નીચે રહી શકે તેમ નથી. તે સંજોગોમાં સામાવાળાના તાબાના મકાનની અંદર અરજદારે રહેઠાણનો હુકમ કરવો વ્યાજબી જણાતો નથી. પરંતુ ડોમેસ્ટીક વાયોલેન્સ એકટની કલમ–૧૯(૬) ની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો, પેટા કલમ–૧ હેઠળ હુકમ કરતી વેળાએ, મેજિસ્ટ્રેટ પક્ષકારોની ભાડુ ચૂકવવા નાણાકીય જરૂરીયાતો અને ઉપલબ્ધ સાધનો–સ્ત્રોતના સંદર્ભમાં, ભાડુ ચુકવવા માટે અથવા બીજી ચૂકવણી માટે પ્રતિવાદી ને ફરજ લાદી શકશે. આમ, કલમ–૧૯(૬) અન્વયે મેજિસ્ટ્રેટ રહેઠાણના હુકમ સંબંધે પ્રતિવાદીને ભાડુ ચુકવવા હુકમ કરી શકશે, તે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે. તે સંજોગોમાં જ્યારે અરજદાર સામાવાળા સાથે એક જ ઘરમાં રહી શકે તેમ ન હોય,

અરજદારને રહેઠાણનો હુકમ કરવા સિવાય જો સામાવાળા પર ભાડા અંગેની જવાબદારી મૂકવામાં આવે તો, ન્યાયનો હેતુ સરે તેમ છે અને તે સંજોગોમાં, ડોંગરીપાડા ગામ, તા.ઉમરપાડા, જિ.સુરત ખાતે પ્રવર્તમાન સ્થિતિને ધ્યાનમાં લેતા, માસિક રૂા.૧,૦૦૦/- ભાડા પેટે સામાવાળા દ્વારા અરજદારોને ચૂકવવામાં આવે તો, ન્યાયનો હેતુ સરે તેમ હોય, **મુદ્દા નંબર (૩**) નો જવાબ **અંશત: હકારમાં** આપવામાં આવે છે.

(૧૯) હાલના કામે અરજદાર દ્વારા ઘરેલુ હિંસાખોરીની કલમ-૨૦ અન્વયે નાણાકીય સહાયની દાદ માંગવામાં આવેલ છે. સદર કામે અરજદાર ધ્વારા સામાવાળા નોકરી કરી માસિક રૂ.૩૦,૦૦૦/- તથા ખેતીની આવક સાથે મળી કુલ રૂ.૫૦,૦૦૦/- માસિક મેળવે છે તેમ જણાવેલ છે. જે સંબંધે અરજદાર ધ્વારા કોઈ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ નથી. પરંતુ સામાવાળા ધ્વારા આંક-૧૮ થી રજૂ મિલકત અને જવાબદારીઓના સોગંદનામામાં તેઓ સિક્યુરીટી ગાર્ડ તરીકે નોકરી કરી માસિક ૧૬,૫૦૦/- આવક મેળવતા હોવાનું જાહેર કરેલ છે. વધુમાં તેઓ ધ્વારા તેઓનુ બેંક સ્ટેટમેન્ટ રજૂ રાખેલ છે, જે વંચાણે લેતાં તેમાં સામાવાળા માસિક રૂ.૧૬,૦૦૦/- આવક મેળવતા હોવાનું જણાઈ આવે છે. વધુમાં બીજી ખેતીની આવક દર્શાવેલ નથી. સદર કામે સામાવાળાની અરજદારના વિ.વકીલશ્રી કરવામાં ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, જામની ગામે ખાતા નં.૨૧૭, સર્વે નં.૯૮ વાળી જમીન પાટીદારની જમીન છે. આ જમીન ઉપર અમો ખેતી કરી પાક લેતા આવેલા છીએ. જે જમીનમાં ડાંગર અને મકાઈ થાય છે. જમીનમાંથી પાક લેતાં વાર્ષિક પચાસ-સાઈઠ હજાર આવક થાય છે. સબબ કામે રેકર્ડ પર આવેલ સામાવાળાની આવક અંગેનું અનુમાન કરતા સામાવાળા નોકરી તથા ખેતીમાંથી માસિક રૂ.૨૦,૦૦૦/- આવક મેળવતા હોવાનુ જણાઈ આવે છે. વધુમાં સામાવાળા ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, આ અરજી દાખલ કર્યા બાદથી અરજદાર નં.(૨) અને (૩) નું ભરણપોષણ તેમજ લાલન-પાલન અરજદાર નં.(૧) કરે છે. હાલના કામે અરજદારે સામાવાળાથી અલગ પિયર મુકામે રહેતા હોવાની હકીકત રેકર્ડ પર આવેલ છે. તે સંજોગોમાં સામાવાળા પતિ તથા પિતા તરીકે અરજદારોના આર્થિક સહાય પેટે નાણાકિય વ્યવસ્થા કરી આપવા બંધાયેલ છે. તે સંજોગોમાં, અરજદારની માંગણી અન્વયે અરજદારોના દૈનિક તથા જીવન જરૂરીયાતોની ચીજવસ્તુઓ, ભણતર અને તે અનુસંધાને કરવામાં આવેલ અનુમાન ધ્યાને લેતા, સામાવાળા અરજદાર નં.(૧)ને માસિક આર્થિક સહાય પેટે માસિક

રૂા.૨,૦૦૦/- તથા અરજદાર નં.(૩) ને માસિક રૂ.૧,૦૦૦/- તથા અરજદાર નં.(૪) ને માસિક સહાય પેટે રૂ.૧,૦૦૦/- ચૂકવી આપે તેવો હુકમ કરવામાં આવે તો, ન્યાયનો હેતુ સરે તેમ હોય, **મુદ્દા નંબર (૪)** નો જવાબ **અંશત: હકારમાં** આપુ છું.

**(૨૦)** અરજદાર દ્વારા હાલના કામે શારીરિક તેમજ માનસિક ત્રાસ આપવા બદલ રૂપિયા નાણાકીય વળતર મેળવવા રૂ.૧,૦૦,૦૦૦/- ની દાદ માંગવામાં આવેલ છે. પરંતુ અરજદાર દ્વારા તેઓની અરજી તથા સોગંદ પરની જુબાનીમાં શારીરિક અને માનસિક ત્રાસ પેટે તેઓને કેટલુ આર્થિક નુકસાન થયેલુ? તેમને કેટલી વ્યથા ભોગવવી પડેલી? તે અંગેની કોઈ હકીકત જણાવવામાં આવેલ નથી તેમજ સામાવાળાના તેવા કૃત્યથી અરજદારને ચોક્કસ કેટલુ નુકસાન થયેલુ છે ? તે અંગેની પણ કોઈ હકીકત દર્શાવેલ નથી પરંતુ રજુ થયેલ પુરાવા ઉપરથી એ હકીકત ફલીત થાય છે કે સામાવાળાના કૃત્યના કારણે અરજદારને માનસિક તેમજ શારીરિક ત્રાસ થયેલ હોવાનુ પુરવાર થયેલ હોય પરંતુ આ બાબતે અરજદારે અન્ય કોઈ પુરાવો રજૂ કરેલ ન હોય જેથી અરજદાર દ્વારા સામાવાળાએ આપેલ શારીરિક અને માનસિક ત્રાસ બદલ વળતર પેટે મેળવવા સંબંધે કોઈ પુરાવો રજુ કરેલ નથી. તે સંજોગોમાં, અરજદાર માંગ્યા મુજબનું વળતર મેળવવા અરજ કરેલ છે તે વધારે પડતો અતિશયોકતી ભરેલ જણાય આવે છે પરંતુ અરજીની હકીકતો અને સંજોગો ધ્યાને લઈ જો અરજદારને રૂપિયા ૫,૦૦૦/- તેના માનસિક તથા શારીરિક ત્રાસના વળતર પેટે આપવામાં આવે તો ન્યાયોચીત રહેશે. જેથી, **મુદ્દા નંબર (૫)** નો જવાબ **અંશત: હકારમાં** આપવામાં આવે છે.

**(૨૧)** અરજદાર દ્વારા તેઓની અરજી મુજબની આનુષાંગિક દાદો મેળવવાની માંગણી કરવામાં આવેલ છે પરંતુ, હાલના કામે ઘરેલુ હિંસાખોરી ધારા અન્વયે અરજદારને મળવાપાત્ર દાદો સંબંધે ઉપરોકત વિગતોએ નિર્ણય કરેલ છે અને અરજદારને આ ચુકાદાથી મંજૂર કરવામાં આવેલ દાદો મુજબ સામાવાળા વર્તન ન કરે તો, અરજદાર કાયદા મુજબ તેનું સક્ષમ ઓથોરીટી દ્વારા પાલન કરાવવા એટલે કે, રક્ષણ મેળવવા હક્કદાર છે. તે સંજોગોમાં, ઉપરોકત મુદ્દા નંબર (૧) થી (૫) અંગે કરેલ વિગતવાર ચર્ચા ધ્યાને લઈ, **મુદ્દા નંબર (૬)** પરત્વે, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**-::/(હુકમ)/::-**

૧. અરજદારની કૌટુંબિક હિંસાખોરી (શારીરિક-માનસિક)થી સ્ત્રીઓને રક્ષણ આપતો કાયદો-૨૦૦૫ મુજબની અરજી આથી **''અંશત:મંજૂર''** કરવામાં આવે છે.

૨. સદર કામના સામાવાળા નાઓને આથી આદેશ કરવામાં આવે છે કે, ઘરેલુ હિંસાખોરીથી સ્ત્રીઓને રક્ષણ આપતો કાયદો-૨૦૦૫ની કલમ-૧૮ મુજબ અરજદાર સાથે કૌટુંબિક હિંસાખોરી થાય તેવુ કોઈ કૃત્ય આચરવુ નહીં તેવો આથી, રક્ષણનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામના સામાવાળા નાને ઘરેલુ હિંસાખોરી થી સ્ત્રીઓને રક્ષણ આપતો કાયદો-૨૦૦૫ની કલમ-૧૯ મુજબ એવો આદેશ કરવામાં આવે છે કે, તેઓએ રહેઠાણના હુકમ પેટે અરજદારોને માસિક રૂા.૧,૦૦૦/-( અંકે રૂપિયા એક હજાર પુરા ) આ અરજીની તારીખથી નિયમિત ચડચે-ચડ્યા ચુકવી આપવા.

૪. ઘરેલુ હિંસાખોરીથી સ્ત્રીઓને રક્ષણ આપતો કાયદો-૨૦૦૫ ની કલમ-૨૦ અન્વયે, સામાવાળા નાએ અરજદાર નં.(૧) ને નાણાકીય સહાય પેટે માસિક રૂા.૨,૦૦૦/- તથા અરજદાર નં.(૨) નાને માસિક રૂ.૧,૦૦૦/- તથા અરજદાર નં.(૩) નાને માસિક રૂ.૧,૦૦૦/- આ અરજીની તારીખથી નિયમિત ચડચે-ચડ્યા ચુકવી આપવા તેવો આદેશ કરવામા આવે છે.

૫. ઘરેલુ હિંસાખોરીથી સ્ત્રીઓને રક્ષણ આપતો કાયદો-૨૦૦૫ ની કલમ-૨૨ અન્વયે, સામાવાળા નાએ અરજદારને આપેલ માનસીક તેમજ શારીરિક ત્રાસ ના વળતર પેટે રૂા.૫,૦૦૦/-(અંકે રૂપિયા પાંચ હજાર પુરા ) આપવા તેવો આદેશ કરવામા આવે છે.

૬. હાલની અરજીના ખર્ચ પેટે રૂપીયા ૫૦૦/- સામાવાળાએ અરજદારને અલગથી ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે.

૭. ઘરેલુ હિંસાખોરી થી સ્ત્રીઓને રક્ષણ આપતો કાયદો-૨૦૦૫ની કલમ-૨૪ ની જોગવાઈ મુજબ અરજદાર તથા સામાવાળાને હુકમની એક-એક સહી-સિક્કાવાળી નકલ રજિસ્ટ્રાર-કમ-નાજરશ્રી, સિવિલ કોર્ટ-ઉમરપાડા, જી.સુરત નાઓએ વિનામૂલ્યે પૂરી પાડવી.

૮. વધુમાં અત્રેની અદાલતના રજિસ્ટ્રારશ્રીને આથી હુકમ કરવામાં આવે છે કે, આ હુકમની એક સહી–સિક્કાવાળી નકલ પ્રોટેકશન ઓફિસરશ્રી, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી–સુરતને હુકમનો અમલ કરાવવા સારૂ તેમજ એક નકલ અરજદાર તથા સામાવાળા જે પોલીસ સ્ટેશનની હદમાં રહેતા હોય તે પોલીસ સ્ટેશનને યાદી સાથે જાણ સારૂ મોકલી આપવી.

૯. વધુમાં સદર અરજીના કામે સામાવાળા નાએ અરજદારોને વચગાળાની રાહત પેટે કોઈ રકમ ચૂકવેલ હોય તો તે મજરે આપવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૭[મી], માહે માર્ચ, સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૭/૦૩/૨૦૨૬
સ્થળ:ઉમરપાડા, જિ.સુરત

( વિપુલભાઈ નાગરભાઈ પટેલ )
જયુડી. મેજિ. ફર્સ્ટ કલાસ,
ઉમરપાડા, જિ.સુરત ( જીજે૦૧૭૬૬ )